# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-02-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ શ્રી મુર્મુ-રાજ્યના પ્રવાસે

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી રાજ્યનાં ચાર દિવસના પ્રવાસે છે. શ્રી મૂર્મુ આજે કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ પ્રદર્શન કક્ષ સહિત અનેક સ્થળોની મુલાકાત લેશે. બીજા દિવસે તેઓ એકતાનગરમાં આરોગ્ય વન, મિયાવાંકી ફોરેસ્ટ, જંગલ સફારી તેમજ એકતા કૌશલ્ય વિકાસ કેન્દ્રની પણ મુલાકાત લેશે.

આવતીકાલે 27 ફેબ્રુઆરી સાંજે અમદાવાદમાં રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા-N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદના દિવસે તેઓ ગાંધીનગરમાં રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય-N.F.S.U.ના ત્રીજા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. એ જ દિવસે તેઓ ભુજમાં સ્મૃતિવન ભૂકંપ સ્મારક પણ જશે. પહેલી માર્ચે સુશ્રી મુર્મૂ યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની પણ મુલાકાત લેશે. રાષ્ટ્રપતિની મુલાકાતના પગલે કચ્છ કલેકટર અમિત અરોરા દ્વારા આયોજન માટે બેઠકો યોજાઇ રહી છે. રાષ્ટ્રપતિના રોકાણને લઇને ભુજના સર્કિટ હાઉસ ખાતે સંપૂર્ણ તૈયારીઓ કરી લેવામાં આવી છે. તમામ આયોજન જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ તંત્રના જુદા જુદા વિભાગો દ્વારા કરવામાં આવી રહ્યા છે.

**-----------------------------------------------------------------------------------------------**

## મહાકુંભ અંતિમ સ્નાન:

પ્રયાગરાજ મહાકુંભ તેના સમાપન તરફ આગળ વધી રહ્યો છે. 45 દિવસ સુધી ચાલનારો આ આધ્યાત્મિક મહાકુંભ આજે મહાશિવરાત્રીના પવિત્ર સ્નાન સાથે સમાપ્ત થશે. અત્યાર સુધીમાં મહાકુંભમાં 64 કરોડ 47 લાખ ભક્તોએ પવિત્ર સ્નાન કર્યું છે. ગઇકાલે સાંજે 6 વાગ્યા

સુધીમાં 1 કરોડ 11 લાખ લોકોએ પવિત્ર સ્નાન કર્યું છે. આધ્યાત્મિક મહાકુંભના દિવ્ય સમાપન માટે ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે.

---

## આજે મહાશિવરાત્રીની ઉજવણી :

ભગવાન શિવની આરાધનાનાં પર્વ મહા શિવરાત્રીની આજે જિલ્લાભરમાં શ્રધ્ધા અને ભક્તિ ભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે. પૂર્વમાં કંથકોટથી પશ્ચિમમાં કોટેશ્વર મહાદેવનાં સ્થાનકો સુધી ગામે ગામ ચાર પ્રહરની પૂજા સાથે આ પર્વની ઉજવણી થઇ રહી છે. શિવાલયોને ભવ્ય રીતે શણગારવામાં આવ્યા છે.

દિવસભર પૂજન અર્ચન, આરતી, મહાપૂજા મહાઆરતી, હોમ હવન, રૂદ્રીથી વાતાવરણ ગાજતું રહેશે. વિવિધ સ્થળોએ શોભાયાત્રા યોજાશે. ભુજમાં સનાતન હિન્દુ સમાજ દ્વારા મહાકાલેશ્વર મંદિરથી શોભાયાત્રાનો આરંભ થશે. મહાકુંભ મેળાની ઝાંખી સાથે વિશાળ શિવલિંગ, અયોધ્યામાં રામમંદિરની પ્રતિકૃતિ સાથેની વિવિધ ઝાંખીઓ આકર્ષણનું કેન્દ્ર બનશે. શોભાયાત્રાના માર્ગ પર વિવિધ સંગઠનો અને સમાજો દ્વારા દૂધ, છાસ, કોલ્ડ્રીંક્સ, કુલ્ફી સહિત ઠંડા પીણાની શિવભક્તો માટે વ્યવસ્થા ઉભી કરાઇ છે.

---

## ધ્રંગ-સંત મેકરણ દાદા:

આજે મહા શિવરાત્રી સાથે કચ્છનાં સંત મેકરણ દાદાની સ્મૃતિ સંકળાયેલ છે. મેકરણ દાદાએ આજે ભુજ તાલુકાના ધ્રંગ ગામે લાલિયા અને મોતિયા સહિત દસ અનુયાયીઓ સાથે જીવતાં સમાધિ લીધી હતી. તેમની સ્મૃતિમાં ધ્રંગમાં અખાડા ખાતે બે દિવસીય મેળો ભરાય છે. જેમાં ધાર્મિક કાર્યક્રમો સાથે વિવિધ રમત ગમત સ્પર્ધા યોજાય છે. ભુજમાં નાગર ચકલા ખાતે આવેલ અખાડા ખાતે પણ આજે મેળો ભરાય છે.

---

## છારીઢંઢ-કુંજપક્ષીનો શિકાર:

નખત્રાણા તાલુકાના છારીઢંઢના રક્ષિત જંગલ વિસ્તારમાં બંદૂકના ભડાકે 25 કુંજ પક્ષીનો શિકાર કરાયો હોવાની ઘટના સામે આવી છે, જેમાં પોલીસે શિકારીઓનો પીછો કરતા તેઓ ભાગ્યા હતા એ દરમિયાન ગાડી પલ્ટી મારી ગઇ હતી. જોકે શિકારીઓ ભાગી જવામાં સફળ રહ્યા હતા. ગાડીમાંથી દેશી બંદુક સાથે 24 કાર્ટિજ, છરી, કુહાડી કબ્જે કરવામાં આવી હતી. નિરોણા પોલીસે આ કામગીરી કરી છે જે બાદ વન વિભાગને જાણ કરાતા તુગા રેન્જ બન્ની ખાવડા વિસ્તારના આરએફઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન:

આગામી ત્રણ દિવસ ગરમી વધ્યા બાદ ફરી ઘટાડો થવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા દર્શાવાઇ છે.ગઇકાલે જિલ્લા મથક ભુજમાં અધિકત્તમ ઉષ્ણતામાન વધીને 36 ડિગ્રીએ પહોંચવાની સાથે ગરમીમાં વધારો થયો હતો જ્યારે નલિયા ખાતે 35.6, કંડલા બંદરે 34.8 અને કંડલા એરપોર્ટ મથકે 34.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

---------------------------------------------------------------------------------------------------